# એડમિશન કમિટી ફોર પ્રોફેશનલ કોર્સિસ

ACPC

એલ. ડી. કોલેજ ઓફ એન્જિનીયરીંગ કેમ્પસ, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૫.

## ધો. ૧૨ (વિ.પ્ર.) પછીના ડિગ્રી / ડિપ્લોમા ફાર્મસી અભ્યાસક્રમોમાં ઓનલાઈન પ્રવેશ કાર્યક્રમ : શૈક્ષણિક વર્ષ ૨૦૧૬-૧૭

ધો. ૧૨ (વિજ્ઞાન પ્રવાહ) પછીના ડિગ્રી / ડિપ્લોમા ફાર્મસી અભ્યાસક્રમોમાં પ્રથમ વર્ષમાં પ્રવેશ માટે પાત્રતા ધરાવતા ઉમેદવારો માટે રાજ્ય સરકારે સરકારી, અનુદાનિત તથા સ્વનિર્ભર સંસ્થાઓની સરકારી બેઠકો તથા સ્વનિર્ભર સંસ્થાઓની સ્વેચ્છાએ સુપ્રત કરેલ હોય તેવી સંચાલક મંડળની બેઠકો માટે પ્રવેશ વર્ષ-૨૦૧૬ દરમ્યાન વેબ બેઈઝ ઓનલાઈન પ્રવેશ પ્રક્રિયા કરવાનું નક્કી કરેલ છે. ઈન્ટરનેટના માધ્યમ દ્વારા પ્રવેશ માટે ઓનલાઈન રજિસ્ટ્રેશન કરાવવાનું રહેશે. જે ઉમેદવારને ઈન્ટરનેટ માધ્યમ ઉપલબ્ધ ન હોય તેવા ઉમેદવારો પ્રવેશ સમિતિ દ્વારા નિર્ધારીત હેલ્પ સેન્ટરનો વિનામૂલ્યે ઉપયોગ કરી શકશે. હેલ્પ સેન્ટર તથા બેંકની શાખાઓની વિગત વેબસાઈટ www.jacpcldce.ac.in અને www.gujacpc.nic.in ઉપર મૂકવામાં આવેલ છે તથા માહિતી પુસ્તિકામાં ઉપલબ્ધ છે. માર્ગદર્શન માટે પ્રવેશ સમિતિનાં ૨૪ કલાક કાર્યરત હેલ્પ લાઈન નંબર **૦૭૯-૨૬૫૬૬૦૦૦** ઉપર આપ સંપર્ક કરી શકો છે.

(૧) **પ્રવેશ યોગ્યતા : ડિગ્રી / ડિપ્લોમા ફાર્મસીના અભ્યાસક્રમો માટે :** ધો. ૧૨ (વિ.પ્ર.)ની પરીક્ષા ફિઝિક્સ અને કેમિસ્ટ્રીને ફરજિયાત વિષયો તરીકે અને મેથેમેટિક્સ/બાયોટેકનોલોજી/બાયોલોજી વિષયોમાં પૈકી કોઈ એક સાથે કુલ ગુણનાં ૪૫% (અનામત વર્ગના ઉમેદવારો માટે ૪૦%) કે તેથી વધુ સાથે **અને** ચાલુ વર્ષે JEE (Main) 2016/NEET (AIPMT)-2016/GUJCET-2016 ની પરીક્ષા આપેલ હોવી ફરજીયાત છે.

(૨) એડમિશન રજિસ્ટ્રેશન માટે વિદ્યાર્થીએ નીચે દર્શાવેલ યાદી મુજબની દેના બેંકની નિર્ધારીત શાખાઓ ખાતેથી રજિસ્ટ્રેશન ફી રૂા. ૩૫૦/- રોકડા (નોન-રીફન્ડેબલ) આપી **તા. ૨૩-૦૬-૨૦૧૬ થી તા. ૦૧-૦૭-૨૦૧૬ સુધી** કામકાજના સમય દરમ્યાન (જાહેર રજાનાં દિવસો સિવાય) માહિતી પુસ્તિકા તથા PIN મેળવવાના રહેશે.

(૩) ઓનલાઈન એડમિશન માટે ઉમેદવારે પ્રવેશ સમિતિની વેબસાઈટ **www.gujacpc.nic.in** પરથી ઓનલાઈન રજિસ્ટ્રેશન **તા. ૨૩-૦૬-૨૦૧૬ સવારે ૧૨-૦૦ કલાકથી તા. ૦૨-૦૭-૨૦૧૬** સાંજના ૦૪:૦૦ કલાક સુધી કરાવવાનું રહેશે. ત્યારબાદ ઓનલાઈન રજિસ્ટ્રેશન થઈ શકશે નહીં.

(૪) પ્રવેશ વર્ષ-૨૦૧૬ દરમ્યાન અત્રેની સમિતિની પ્રવેશ કાર્યવાહીમાં પ્રવેશ ઈચ્છુક ઉમેદવારોએ પ્રવેશ મેળવવા માટે ઓનલાઈન રજિસ્ટ્રેશન કરાવવું ફરજિયાત છે. અન્ય કોઈપણ રીતે રજિસ્ટ્રેશન ઉપલબ્ધ થઈ શકશે નહીં જેની નોધ લેવી.

(૫) ઓનલાઈન રજિસ્ટ્રેશન કરાવ્યા બાદ ઉમેદવારે રજિસ્ટ્રેશન ફોર્મ તથા અન્ય જરૂરી **પ્રમાણપત્રોની સ્વપ્રમાણિત નકલ (ઓરીજીનલ નહિં) તા. ૨૩-૦૬-૨૦૧૬ થી તા. ૦૨-૦૭-૨૦૧૬ સાંજે ૫-૦૦ કલાક સુધીમાં** નજીકના હેલ્પ સેન્ટર ખાતે ચકાસણી કરાવી ત્યાં જમા કરાવવાનાં રહેશે. હેલ્પ સેન્ટર ખાતે રજિસ્ટ્રેશન ફોર્મ જમા કરાવ્યા અંગેની પહોંચ મેળવવાની રહેશે. આ પ્રક્રિયા પૂર્ણ કર્યા બાદ જ ઉમેદવાર ચોઈસ ફિલીંગ તથા પ્રવેશની આગળની પ્રક્રિયામાં ભાગ લઈ શકશે. હેલ્પ સેન્ટરોની યાદી વેબસાઈટ www.jacpcldce.ac.in અને www.gujacpc.nic.in ઉપર મૂકવામાં આવેલ છે.

(૬) Open કેટેગરીનાં ઉમેદવારો, કે જેઓ Unreserved Economical Weaker Section (UEWS) નો લાભ ન લેવા માંગતા હોય તેવા, ચાલુ સાલે પ્રથમ પ્રયત્ને ધો. ૧૨ (વિ.પ્ર.)ની પરીક્ષા ગુજરાત બોર્ડમાંથી લઘુત્તમ લાયકાત સાથે ઉત્તીર્ણ કરેલ હોય અને ટ્યુશન ફી માફીની યોજના (TFWS) માટે યોગ્યતા ધરાવતા ન હોય તથા પોતાના માર્કની એન્ટ્રી જાતે ન કરેલ હોય, તેવા ઉમેદવારોએ ઓનલાઈન રજિસ્ટ્રેશન કરાવ્યા બાદ રજિસ્ટ્રેશન ફોર્મ જમા કરાવવા હેલ્પ સેન્ટર ખાતે જવાની જરૂરત નથી. આવા ઉમેદવારો પોતાનાં User Accountમાંથી રજિસ્ટ્રેશન થયા અંગેની Receipt ઓનલાઈન મેળવી શકશે.

(૭) ઓનલાઈન એડમિશનને લગતી તમામ માહિતી જેવી કે નોટીફિકેશન, સંસ્થાઓની યાદી, સંસ્થાઓનો પરિચય, ગત વર્ષના કટ ઓફ માર્કસ, સીટ મેટ્રીક્ષ, પ્રવેશ પાત્રતા, રીઝર્વેશન પોલિસી, હેલ્પ સેન્ટરોની યાદી, રજિસ્ટ્રેશન ફી, ટ્યુશન ફી, વિવિધ પ્રકારના ફોર્મ્સ, હેલ્પલાઈન અને પ્રવેશને લગતા પ્રશ્નોત્તર તથા પ્રવેશ અંગેનો કાર્યક્રમ વેબસાઈટ **www.jacpcldce.ac.in** તથા www.gujacpc.nic.in અને **હેલ્પ લાઈન નંબર ૦૭૯-૨૬૫૬૬૦૦૦** પરથી મળી શકશે.

(૮) હેલ્પ સેન્ટર પ્રવેશ કાર્યવાહીના દિવસો દરમ્યાન સવારે ૧૧-૦૦ કલાકથી સાંજે ૦૫-૦૦ કલાક સુધી, રવિવાર તેમજ જાહેર રજાનાં દિવસો સિવાય કાર્યરત રહેશે. હેલ્પ સેન્ટર પરથી પ્રવેશ અંગેની તમામ કાર્યવાહી વિનામૂલ્યે થઈ શકશે.

**દેના બેંકની શાખાઓની યાદી :** (૧) વિઠ્ઠલ પટેલ રોડ, વિરમગામ, જિ. અમદાવાદ (૨) અર્બુદા એપાર્ટમેન્ટ, ડૉ. એસ. રાધાક્રિષનંન હોલ રોડ, આંબાવાડી, અમદાવાદ (૩) દેના લક્ષ્મી બિલ્ડીંગ, ગ્રાઉન્ડ ફલોર, ૧૮૮/એ, આશ્રમરોડ, અમદાવાદ (૪) અનુપ ચેમ્બર્સ, ગુરૂનાનક સોસાયટી, વિક્રમ મીલ પાછળ, બાપુનગર, અમદાવાદ (૫) જે. બી. પાર્ક, સ્ટર્લીંગ સીટી ક્લબ, બોપલ, તા. દસક્રોઈ, જિ. અમદાવાદ (૬) ગ્રાઉન્ડ ફલોર, મારૂતી નંદન કોમ્પ્લેક્ષ, એએમટીએસ બસ સ્ટેન્ડ સામે, ચાંદખેડા, અમદાવાદ (૭) મહાજન કોમ્પ્લેક્ષ, મેઈન બ્રાન્ચ, બ્લોક નં. ૨/૪૪૮, ધોળકા બજાર, ધોળકા, જિ. અમદાવાદ (૮) ડી. કે. કોમ્પ્લેક્ષ, કાશી વિશ્વનાથ મહાદેવ મંદીર, મણીનગર (ઈસ્ટ), અમદાવાદ (૯) જલધારા સોસાયટી પાસે, ભીમજીપુરા, નવાવાડજ, અમદાવાદ (૧૦) ભીક્ષુક ગૃહ પાસે, જીઆઈડીસી કંમ્પાઉન્ડ, ઓઢવ, અમદાવાદ (૧૧) ૩૬, મૈત્રીનગર, પ્રગતીનગર બસ સ્ટેન્ડ પાસે, પ્રગતી નગર, અમદાવાદ (૧૨) ગીરધરલાલ સંગ્રાહલય, સીટી બસ સ્ટેશન પાસે, અમરેલી (૧૩) નહેરૂ રોડ, ગામડીવાડ, આણંદ (૧૪) દેના બેંક, ગ્રાઉન્ડ ફલોર, રાધા વંદન કોમ્પ્લેક્ષ, સીડીબી બેંક, મોટા બજાર, વલ્લભ વિદ્યાનગર (૧૫) મેઈન બજાર રોડ, નગર પંચાયત ઓફિસ સામે, મોડાસા, જિ. સાબરકાંઠા (૧૬) જાગૃતિ કોમ્પ્લેક્ષ, ફુવારા સર્કલ પાસે, ડિસા (૧૭) સોમનાથ પ્લાઝા, આબુ રોડ, હાઈવે, નાવજીવન સોસાયટી, પાલનપુર (૧૮) એમ/૩૧, વખારીયા જીન કંમ્પાઉન્ડ, આઈ.ટી.આઈ. કોલેજ સામે, ગોયા બજાર, અંકલેશ્વર (૧૯) શાલીમાર સોપીંગ સેન્ટર, ભરૂચ, જિ. ભરૂચ (૨૦) ગીજુભાઈ બાધેકા માર્ગ, તપ્નેશ્વર મહાદેવ સામે, ભાવનગર (૨૧) સ્ટેશન રોડ, બોટાદ, જિ. બોટાદ (૨૨) ભગવાન કોમ્પ્લેક્ષ, રાણી બંગલો, સ્ટેશનરોડ, છોટા ઉદેપુર (૨૩) ૪૭૫૪, હનુમાન બજાર, તા. દાહોદ, જિ. દાહોદ (૨૪) હોટલ મીરા બિલ્ડીંગ, રેલ્વે સ્ટેશન રોડ, દ્વારકા (૨૫) સેક્ટર-૨૨, શોપીંગ સેન્ટર, પોસ્ટ ઓફિસ સામે, ગાંધીનગર (૨૬) અમૃતદીપ, રાજેન્દ્ર ભવન રોડ, વેરાવળ (૨૭) પટેલ કોલોની, બંદર રોડ, જામનગર (૨૮) મહાત્મા ગાંધી રોડ, રાણાવાવ ચોક, જુનાગઢ (૨૯) કર્મવીર લેન્ડમાર્ક, દેસાઈ વાડો, નડીયાદ (૩૦) નીરવ ચેમ્બર્સ, પ્લોટ નં. ૧૩, સેક્ટર-૯, ગાંધીધામ (૩૧) સબ જેલ પાસે, બંદર રોડ, માંડવી, જિ. કચ્છ (૩૨) હોસ્પીટલ રોડ, વિજયનગર, ભુજ (૩૩) લક્ષ્મી નિવાસ, મહેસાણા (૩૪) સરદાર વી. પી. રોડ, લક્ષ્મી ભુવન, ઉંઝા, જિ. મહેસાણા (૩૫) મામલતદાર ઓફિસ સામે, દરબાર રોડ, વિસનગર, જિ. મહેસાણા (૩૬) નહેરૂ દરવાજા, જિ. રાજકોટ, મોરબી (૩૭) સ્ટેશન રોડ, રાજપીપળા, જિ. નર્મદા (૩૮) જ્યોતી ટ્રેડર્સ, ફુવારા, ટેલીફોન એક્ષચેન્જ પાછળ, નવસારી, જિ. નવસારી (૩૯) નવા બજાર, પટેલ વાડા, જિ. પંચમહાલ, ગોધરા (૪૦) ગજાનંદ કોમ્પ્લેક્ષ, બસ સ્ટેન્ડ પાસે, પાટણ (૪૧) ૩, વાડી પ્લોટ, પોરબંદર, જિ. પોરબંદર (૪૨) ૧૮, ભગવત બજાર, જિ. રાજકોટ, ગોંડલ (૪૩) ખોડાપરા મેઈન રોડ, જેતપુર, જિ. રોજકોટ (૪૪) રામરાજ કોમર્શીયલ કોમ્પ્લેક્ષ, જીઆઈડીસી ગેટ નં. ૨ સામે, કાલાવાડ રોડ, રાજકોટ (૪૫) રેસ કોર્ષ રોડ, કિસનપરા ચોક, રાજકોટ (૪૬) જુવીરા સોપીંગ સેન્ટર, ડૉ. ગાંધી રોડ, હિમંતનગર, જિ. સાબરકાંઠા (૪૭) સરદાર ચોક, રેલ્વે સ્ટેશન પાસે, ખેડબ્રમા, જિ. સાબરકાંઠા (૪૮) શાંતી નિવાસ, સરદાર બાગ, બારડોલી, જિ. સુરત (૪૯) મજુરા ગેટ, રીંગ રોડ, મેડીકલ કોલેજ, સુરત (૫૦) ૧૨૭-શ્રેયસ ડાયમંડ સેન્ટર, ગીતા બેકરી પાછળ, નાના બજાર, એન.વી. રોડ, સુરત (૫૧) શહેર બિલ્ડીંગ, મકાઈ પુલ, સ્વામી વિવેકાનંદ સર્કલ, નાનપુરા, સુરત (૫૨) પ્રભુદર્શન કોમ્પ્લેક્ષ, જૈન દેરાસર સામે, અઠવા લાઈન, સુરત (૫૩) યક્ષ કમલ, રેશમવાળા માર્કેટ, ૨૬/૬ રીંગ રોડ, સુરત (૫૪) ભાવસાર પેટ્રોલ પંમ્પ સામે, રોઝી એમ્પાયર બિલ્ડીંગ, સિલ્વાસા (૫૫) મેઈન રોડ, મહેતા માર્કેટ, જિ. સુરેન્દ્રનગર (૫૬) કાંચવાલા સ્ટ્રીટ, વ્યારા, જિ. તાપી (૫૭) મેથોડીસ્ટ ચર્ચ સામે, ફતેહગંજ, વડોદરા, (૫૮) અમીત કોમ્પ્લેક્ષ, વી.આઈ.પી. રોડ, વડોદરા (૫૯) શીતલ એપાર્ટમેન્ટ, પહેલો માળ વાધોડ, એસ.ટી. બસ સ્ટેન્ડ સામે, જિ. વડોદરા, વાધોડીયા (૬૦) એમ.જી. રોડ, વલસાડ, જિ. વલસાડ (૬૧) પંચાલ ભવન, લીમડા ચોક, બીલીમોરા, જિ. વલસાડ

**તા. ૨૧-૦૬-૨૦૧૬** — **મેમ્બર સેક્રેટરી**

**હેલ્પ લાઈન નંબર ૦૭૯-૨૬૫૬૬૦૦૦**

**Size : 13.5 cm x 28 cm**

**Print Date : 22-06-2016**